ફાઈલ/RMSA
નંબર :- ૩૭૦
તારીખ :- ૩૨/૭/૧૫
પી.એ.કાર્યાલય

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત તાપી જીલ્લાના સોનગઢ તાલુકાની મોંઘવણ ગામની શાળા તથા વલસાડ જીલ્લાના કપરાડા તાલુકાના વાવર ગામની શાળાને મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : સમશ-૧૮૧૫-૫૧-ગ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૩૦-૦૭-૨૦૧૫.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત કાઉન્સિલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તારીખ ૨૨-૦૪-૨૦૧૪નો પત્ર ક્રમાંક: આર.એમ.એસ.એ. / નવી સ્કૂલ / ૨૦૧૪ / ૭૪૩.

(૨) માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય, ભારત સરકાર નો તારીખ ૧૨-૦૩-૨૦૧૨નો પત્ર ક્રમાંક: F.1-11 / 2011 – Sch.1.

(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૧૩-૦૬-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : સમશ - ૧૦૧૧ – ૧૬૮- ગ.૧

(૪) શિક્ષણ વિભાગનો તારીખ ૨૬-૦૮-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : સમશ - ૧૦૧૧ – ૧૬૮- ગ.૧

ઠરાવ :-

કેન્દ્ર સરકાર પુરસ્કૃત રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨માં રાજ્યમાં કુલ ૨૫૬ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજુરી ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ છે. આ ૨૫૬ શાળાઓમાં તાપી જીલ્લાના સોનગઢ તાલુકાની મોઘવણ ગામની શાળા તથા વલસાડ જીલ્લાના કપરાડા તાલુકાના વાવર ગામની શાળાઓનો પણ સમાવેશ થયેલ હતો. પરંતુ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪)ના તારીખ ૨૬-૦૮-૨૦૧૧ના ઠરાવથી રાજયમાં કુલ ૩૨૬ શાળાઓ ચાલુ રાખવા મંજુરી આપવામાં આવેલ હતી તેમાં આ બે શાળાઓનો સમાવેશ થતો ન હોઈ, ચાલુ થઈ શકેલ ન હતી. આમ, જે તે સમયે આ શાળાઓ શરૂ થઈ શકેલ ન હતી. જીલ્લાશિક્ષણાધિકારીશ્રી, વલસાડ તથા તાપી તરફથી આ શાળાઓ માટે વિદ્યાર્થી સંખ્યા મળી રહે તેમ હોય, આ શાળાઓ શરૂ કરવા ગુજરાત કાઉન્સિલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સોસાયટીને ભલામણ કરતાં ગુજરાત કાઉન્સિલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સોસાયટીએ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ આ શાળાઓ રાજ્ય સરકારની મંજુરીની અપેક્ષાએ જુન-૨૦૧૪થી શરૂ કરેલ. ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર ની તારીખ ૨૨-૦૪-૨૦૧૪ની દરખાસ્ત પરત્વે આ શાળાઓને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.





ASPD RMSA

RMSA

પુખ્ત વિચારણાના અંતે વિચારણા હેઠળની તાપી જીલ્લાના સોનગઢ તાલુકાની મોઘવણ ગામની શાળા તથા વલસાડ જીલ્લાના કપરાડા તાલુકાના વાવર ગામની શાળાઓને આથી નીચેની શરતે જુન-૨૦૧૪થી શરૂ કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

શરત :-

(૧) આ શાળાઓના મહેકમ તથા અન્ય ખર્ચની જોગવાઈ માટે અલગથી દરખાસ્ત કરી નાણા વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે. અને ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાથી આ શાળાઓ ચાલુ રાખવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તારીખ ૩૦-૦૫-૨૦૧૫ ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન. બી. દેતાણી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, માધ્યમિક શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, ઉચ્ચ શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, ( કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, ( કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.